સાલ : ૧૫ / સિલસિલાવાર નંબર : ૧૪૨ / શુમારો : ૪ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૩૯ / એપ્રિલ - મે ૨૦૧૮

# માલ અને આગ

ખુદાતઆલા પોતાના હબીબ અને પ્યારા નબી રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે પયામો પૈગામના ઝરીએ ગુફ્તગૂ કરે છે અને તેના ફરમાનને પહોંચાવે છે. તેમાં ચંદ કલામ કુરઆની આયતોની શિકલમાં હોય છે અને ચંદ એવા ઈલાહી ઈરશાદાત કે, જેનો શુમાર કુરઆને કરીમની આયતોમાં નથી હોતો પણ તે ખુદાતઆલા તરફથી નાઝિલ થયેલા કલામ હોય છે. આ કલામને હદીસે કુદસી કહે છે.

એક એવી હદીસે કુદસીમાં ખુદાતઆલા નબી સાહેબને ફરમાવે છે કે, "અલ-માલો માલી વલ-ફોકરાઓ અયાલી, વલ-અગનેયાઓ વોકલાઈ, ફમન બખેલા બેમાલી અલા અયાલી ઉદખિલહુન્નારા વલા ઓબાલી." યાઅની કે, **તમારા પાસે માલ છે તે મારો માલ છે. ફકીર લોગો મારા અહલો અયાલ-બાલ બચ્ચાં છે. ગની અને પૈસાદાર લોગો મારા માલ પર કે જે તેઓ લઈને બેસેલા છે તે દુનિયામાં મારા વકીલો છે.** હવે જે માલદાર લોગો મારા માલને મારા ફકીર અહલો અયાલ પર ખર્ચ ન કરે અને બખીલી કરે તો મેં તેઓને જહન્નમમાં નાંખી દઈશ અને પછી તેઓની કોઈ પરવાહ નહીં કરૂં.

આ હદીસે કુદસીથી અપને એ સોચવાનું રહે છે કે, જે માલ અપના પાસે છે તે ખુદાતઆલા તરફથી અમાનત છે અને તે બીજા પાસેથી થઈને આવેલો છે. થોડી વાર અપના પાસે રહેશે પછી પાછો બીજા પાસે ચાલો જાશે. **જે શખ્સ માલદાર બનો તો તેના માલદાર બનવા પાછલ કેટલા શખ્સો ફકીર બની ગયા.** માલદાર જો એમ સમઝે કે, જે માલ તેના પાસે જમા થયેલો છે તો તેનો તે પોતે જ માલિક છે, તે મોટી ખતા ગિનાશે. માલદાર પર વાજિબ છે કે, જેના નસીબામાં માલ નથી આવો તેને હાજત પડવા પર મદદ કરે. બખીલી કરીને ગરીબોને તરછોડે નહીં. ખુદાતઆલા જે માલ બંદાને ઈનાયત કરે છે અને જો તે સહી વક્ત પર સહી લોગો વાસ્તે ન ખરચાઈ તો ખુદાની નારાઝગી તેના ઉપર ઉતરે છે અને તે માલ ખુદ તેના જ વાસ્તે નારે દૌઝખ બની જાય છે.

અપનો ઐન અકીદો છે કે, ઈમામે હક્ક મુમેનીનના જાન-માલના માલિક છે. શું કામ કે, ઈમામ ખુદાતઆલા તરફથી આ જહાનના લોગો દરમિયાન મુકર્રરશુદા હુજ્જત અને ખલીફા છે. દૌરે સતરમાં ઈમામે હક્કનો કિરદાર દાઈ અદા કરે છે. ઈમામ જેમ દાઈ પણ મુમિનના જાન-માલના અમીન હોય છે. શીઅયાને હક્ક અને મુમિને મુખ્લિસ પર વાજિબ થાય છે કે, તે જાનો માલથી પાકો સાફ રહે. પોતાની ઝરૂરી હાજતો બાદ અને ફરઝ થયેલા હુકૂક અદા થયા બાદ જે કઈ માલ તે જમા કરે તો ખૈર કામમાં આપવાની નિય્યત કરે અને **જેમ દાઈએ હક્ક ફરમાન કરે તેમ ખરચે.** જો તે આમ નહીં કરે તો જેમ કોઈ પડેલી ચીઝ સડી જાય છે તેમ તેનો માલ ઝાયેઅ થઈ જાશે.

હકીકત એ છે કે, ગરીબ શખ્સ ગરીબ કેમ છે કે, દૌલતમંદો તેની દૌલતને ખેંચીને રાખે છે. હદ દરજાની બખીલી કરે છે. એમ જતાવે છે કે, તે ખૂબ ગરીબ છે પણ ગાલ પર તમાચો મારીને ગાલને લાલ રાખે છે. સેંકડો રૂપિયાની લોનની વાતોં કરે છે. નવા-નવા ઘરો લે છે, ગાડીઓ લે છે પણ દેવાની વાતો કરે છે. આ લોગો દૌલત છુપાવે છે અને ખુદના સાથે બનાવટ કરે છે. **રોવા વાસ્તે સાથે દસ રૂમાલ લઈને આવે છે.** પણ પડદા પાછલ કઈ ઔર જ કહાની હોય છે. આવા લોગો ઠગબાઝી કરીને પોતાને ચાલાક અને બીજાને બુધ્ધુ સમઝે છે. પણ આ આદતે બદ તેને ફકીરી-મોહતાજગી તરફ ખેંચી જાય છે.

દાઅવતે હક્કની સહી પહેચાન એ છે કે, જે જમાઅતના મુમેનીનના જાનો માલના માલિક દાઈએ હક્ક હોય તેના

(બકીયાહ પેજ નં. ૩ પર)

**દુનિયામાં ફલદાર દરખ્ત કમ હોય છે જેમ મુમેનીનની તાઅદાદ કમ હોય છે.**

# ચંદ શૌહર અને એક બૈરો

અપને નઝર કરીએ છીએ કે, અપને જે જગા ઉપર ઉભેલા છીએ તે ઝમીન છે અને અપના માથા ઉપર આસ્માન છે. ઝમીન કરતા આસ્માન ઘણું જ મોટું, કુશાદા અને બેકિનાર છે. જ્યાં જોઈએ ત્યાં આસ્માન જ આસ્માન છે. હજુ અપને ગૌર કરીએ તો માઅલૂમ થાય છે કે, આસ્માન કોઈ વાર ઝમીન ન થઈ શકે અને ઝમીન કોઈ વાર આસ્માન ન થઈ શકે. બેવેની તખ્લીક, કૈફીયત, તબીઅત, કિરદાર અને મકસદ અલગ-અલગ છે. બેવે એક સરખા ન થઈ શકે યા એકબીજાના કિરદારો તબીઅતને અદલ-બદલ ન કરી શકે. આસ્માન પરથી જ વરસાદ પડે અને ઝમીન પર જ ખેતી થાય. મૌસમ આસ્માનના સબબ જ બદલાય અને મકાનાત ઝમીનના સબબ જ બને કે જેમાં લોગોને મૌસમના અસરાતથી સુકૂન મિલે, હિફાઝત થાય.

જેમ આસ્માનો ઝમીન એક નથી, તેમ શમ્સો કમર-સૂરજ અને ચાંદ યા નબીયો વસી એક જેવા નથી. સૂરજ યા નબી જો આસ્માન મુજબ હોય તો ચાંદ યા વસી, ઝમીન મુજબ છે. સૂરજ યા ચાંદ, નબી યા વસીનો કિરદાર બિલકુલ અલગ છે. એટલું જ છે કે, આ તમામમાં એકનો દરજો ઊંચો છે અને એકનો નીચો છે. **જે નીચો છે તે ઉપરના દરજાથી ફાયદો હાસિલ કરે છે.** જો ઉપરનો દરજો ન હોય તો નીચેનો દરજો ખત્મ થઈ જાય છે. યાઅની કે, સૂરજ બગૈર ચાંદ અને નબી બગૈર વસી રહી શકતા નથી. એ જ મુજબ આસ્માન બગૈર ઝમીન રહી શકતી નથી. આ એક અપનો ઐન અકીદો છે કે, જે તખ્લીકે કાએનાત અને અરકાને દીનના હર ગોશામાં, હર પહેલૂમાં અને હર ઝમાનમાં લાગુ પડે છે. આ જ અકીદા પર જો ઈમામે હક્ક ન હોય તો દાઈ ન હોય શકે અને જો દાઈ ન હોય તો માઝૂનનું હોવું નામુમ્કિન છે.

આ જ સૂરત અને હકીકત પર જો અપને વિચારીએ તો એ નતીજા પર આવીએ કે, ખુદાતઆલાએ આસ્માનની તખ્લીક મરદની સિફત પર કીધી છે અને ઝમીનની તખ્લીક બૈરોની સિફત પર કીધી છે. મરદની તબીઅતમાં ઘરથી બાહર નિકલીને રિઝક અને રોઝી કમાવવું છે અને બૈરોની તબીઅતમાં ઔલાદ અને ઘર સાચવવું છે. મરદને એવી કૂવત આપવામાં આવી છે કે, તે મહેનત-મઝદૂરી કરીને પોતાના બૈરો, ઔલાદ અને ઘરના હર તકાઝાને પૂરા કરી શકે. મરદની પૈદાઈશ અક્લ પર છે અને બૈરોની પૈદાઈશ જઝબાત પર છે. મરદ તેની હુશિયારી, સલાહીયત અને કારીગરી મુજબ હલાલ રોઝી કમાઈ શકે છે અને બૈરો પર વાજિબ છે કે, પોતાના મરદની ઈજાઝતથી પોતાના હુનર મુજબ રોઝી કમાઈ શકે છે. બેવે વાસ્તે ખુદાતઆલાએ રોઝીમાં હિસ્સો લખેલો છે. **મગર આ બેવેમાં મરદનો દરજો બૈરો કરતા આઅલા અને વધીને છે.**

આજે અપને નઝદીક એવો માહોલ થઈ ગયો છે કે, દીકરીઓનું એજ્યુકેશન લેવલ વધવાના સબબ જોબની ફીલ્ડ અને મૌકાઓ તેઓ વાસ્તે વધી ગયા છે. દીકરીઓ ઊંચો પગાર લાવતી થઈ ગઈ છે. પોતાના પગ પર ઊભી થઈ ગઈ છે. જેના સબબ શાદી અને ફેમિલી રચવા તરફનો શૌક ઓછો થઈ રહ્યો છે. દીકરાઓ સાથે હમસરી કરવા અને હમપલ્લા થાવા પર કોશિશ કરી રહી છે. મરદોના જેવા જ બૈરોના હુકૂક છે એમ બતાવવામાં આવી રહ્યું છે. જે સરાસર ગલત છે. **શરીઅતના લેહાઝથી બેવેના હુદૂદ અને હુકૂક બિલકુલ અલગ છે.** બેવે હમસર થઈ જ ન શકે. અગર બૈરોમાં કોઈ હુનર હોય, યા હુશિયારી હોય યા એજ્યુકેશન હોય તો પહેલા પોતાની મુનાસિબ ઉંમરમાં કોઈ અલવી પરહેઝગાર મરદ સાથે રિશ્તો કરે અને તે બાદ નિકાહ પહેલા યા પછી પોતાના કામકાજ, જોબ, પ્રોફેશન યા કરિયર તરફ ધ્યાન આપે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના ઝમાનમાં એક એવો વાકેઓ ગુઝરો કે, જેમાં ચાલીસ બૈરોનું એક ગિરોહ આપની મુલાકાત વાસ્તે આવું. આપના નઝદીક ઘરના અઝવાજ અને બેવે શાહઝાદા ઈમામૈન હુસનૈન (અ.સ.) પણ બેસેલા હતા. પૂછવામાં આવું કે, કયા સબબથી આપનું એટલી મોટી તાઅદાદમાં આવવાનું થયું? તે લોગોએ જવાબ આપો કે, અય અઝવાજે અલી! હમેં મૌલાને ચંદ સવાલો પૂછવા માંગીએ છીએ. આપ મૌલાના હુકમથી તેઓને ઈકરામ આપવામાં આવો અને પછી આપે ગુફતગૂ શુરૂ કીધી. આપ મૌલાએ તેઓના સવાલોના જવાબ આપતા આપતા શરીઅતે ઈસ્લામનો પૂરો ઢાંચો સમઝાવો. પછી તેઓ માંથી ચંદ બૈરો કહેવા લાગા કે, અય મૌલા! શરીઅતમાં એમ શું

(બકીયાહ પેજ નં. ૩ પર)

**ફલદાર દરખ્તના નઝદીક નજાસત કરવી બદ-અમલ છે.**

(પેજ નં. ૧ નું બાકી)

દરમિયાન એવા દૌલતમંદો હોય કે, જેઓ દાઅવતના હક્ક અને વાજેબાતને સમઝતા ન હોય, હક્ક દબાવીને બેસતા હોય, સહી મિકદારમાં અને સાચી નિય્યતથી હક્ક અદા કરતા ન હોય તો સમઝી લેજો કે, તે દાઅવત હક્કની છે અને એવા મુનાફેકીન દૌલતમંદોને સહી રાહ પર લાવવા વાસ્તે જ ખુદાતઆલાએ દાઅવતને કાઈમ કીધેલી છે. જે માલી હાલતથી પસ્ત હશે તે તો મુખ્લિસ હશે જ પણ જે દૌલતમંદ હશે તો દૌલતની તુમાખીથી તેઓ નાફરમાન હશે અને દૌલત ન આપવી પડે તેથી દાઈના નિફાક પર ઉતરી જાશે. **ઘણા ઓછા એવા દૌલતમંદો હશે કે, તેઓ દૌલતના હોવાને બાવુજૂદ ઈમાનમાં કામિલ હશે.** પણ અકસર લોગો ઈમાનમાં અને દૌલત માંથી હક્ક અદા કરવામાં નાકિસ હશે, કાચા હશે. એવા લોગોની સતામણી જે વક્ત વધી જાય તો તેના દરમિયાન ખુદાતઆલાના હક્કના દીનનો પૈગામ પહોંચાવવા દાઈએ હક્ક હિકમત અને નસીહતના કલામથી દાઅવત કાઈમ કરે, તેને હકીકતન દાઅવતે હાદીયહ કહેવાય. જો તમામે તમામ દાઈના ફરમાઁબરદાર થઈ જાય, મુખ્લિસ બની જાય તો દાઅવતનો મકસદ જ બાકી ન રહે અને હક્ક તેમજ બાતિલના દરમિયાન ફરક અને હુજ્જત જ મિટી જાય.

ખુદાતઆલા અપને દાઈએ હક્ક પર માલો જાન ફિદા કરવાની અને અયાલુલ્લાહ પર માલને ખરચ કરવાની નૈક તૌફીકાત અતા ફરમાવે. આમીન યા ખયરન્નાસેરીન. ✯

---

(પેજ નં. ૨ નું બાકી)

કામ છે કે, એક મરદ તેના નિકાહમાં એક કરતા ઝિયાદહ બૈરો રાખી શકે! હમારા દરમિયાન એવા ઘણા કિસ્સા છે કે, હમારા મરદોના એક કરતા ઝિયાદહ બૈરો છે. પણ એક **બૈરોને એક કરતા ઝિયાદહ મરદ રાખવાની ઈજાઝત કેમ આપવામાં આવતી નથી**? શું આ બૈરો સાથે નાઈન્સાફી અને ઝિયાદતી નથી? શું હમારા વાસ્તે શરીઅતે કમ હુકૂક મુકેલા છે?

આ તમામ અરઝને મૌલા અલી સુકૂનથી સાંભલતા રહ્યા. પછી આપે ફરમાવું કે, "નઊઝોબિલ્લાહ! અસ્તગફેરૂલ્લાહ! અય બૈરો, આ શરીઅતનો કુસૂર નથી, કુસૂર તમારી અક્લનો છે. ખુદાતઆલાએ તમામ સાથે ઈન્સાફ કીધેલો છે, તેના વાસ્તે જ શરીઅત છે. **આ શરીઅત તો તમારી મુહાફિઝ છે.**" આપે હુકમ કીધો કે, આ બૈરોના દરમિયાન નાના-નાના બરતનો-વાસણો લાવવામાં આવે અને હરએકને પાનીથી ભરવામાં આવે. આપના ખાદેમહએ આપના હુકમ મુજબ ચાલીસ નાના વાસણોને જમા કીધા અને તેમાં પાની ભરીને હરએક બૈરોને આપી દીધા. તમામ હયરતમાં પડી ગયા. પછી આપે ખાદેમહને હુકમ કીધો કે, હવે તમેં એવું વાસણ લાવો કે, જેમાં આ તમામનું પાની એક સાથે સમાઈ જાય. ખાદેમહ એક મોટું વાસણ લાવી અને બધાના દરમિયાન મુકી દીધું.

મૌલા અલીએ તમામને હુકમ કીધો કે, પોતાના વાસણોને આ મોટા વાસણમાં ખાલી કરી દે. તમામે પોત-પોતાના વાસણનું પાની તેમાં એકસાથે ખાલી કરી દીધું. થોડા વક્ત પછી આપે ફરમાવું કે, અય બૈરાઓ! જે મુજબ તમેં તમારા વાસણના પાનીને આ મોટા વાસણમાં ખાલી કીધું તે જ પાનીને દોબારહ તમારા વાસણમાં નાંખી દો. યાઅની કે, તમારા પાસે તે જ પાની હોવું જોઈએ કે જે પહેલા તમારા નાના વાસણોમાં હતું. તમામ બૈરાઓ એકબીજાનું મુઁહ જોવા લાગા અને કહેવા લાગા કે, **"આમ કઈ તરહ મુમ્કિન થાય? હમેં તો બધું જ પાની એક સાથે એક વાસણમાં નાંખી દીધું, તે તો બધું એક સાથે મિલી ગયું. હવે તેને પાછું અલગ-અલગ કરવું નામુમ્કિન છે."**

આપ મૌલાએ ફરમાવું કે, અય બૈરો! તમેં જે મને સવાલ કીધો તેનો જવાબ તમારા સામે હાઝિર છે. જો એક બૈરોના એકથી ઝિયાદહ મરદ હોય તો તે બૈરોને હરએક સાથે રાતબસરી અને મુકારેબત કરવી પડે. તે ચાહે યા ના ચાહે, મરદનો તેના પર પૂરો હક્ક બને કેમકે તેએ બૈરો વાસ્તે મહેર અદા કીધી હોય. આ મરદો સાથે અય્યામ ગુઝારા બાદ જે વક્ત તે બૈરો હામેલહ થાય, પેટથી હોય તો કઈ તરહ તે બચ્ચાની શનાખ્ત થાય કે, તે કોનો ફરઝંદ છે, તે કોના નુત્ફાનો નતીજો છે યા તે કયા મરદની નસલ માંથી છે! **લેહાઝા, શરીઅત એ ઈજાઝત નથી આપતી કે, કોઈ એક બૈરો એક કરતા ઝિયાદહ મરદથી તઅલ્લુક બાંધે.** મગર મરદો વાસ્તે આ શરત નથી. કોઈ એક મરદ પોતાના પહેલા બૈરોની ઈજાઝતથી બીજા બૈરોને મહેર આપી નિકાહમાં લાવી શકે છે. ✯

**મજબૂરન કોઈ દરખ્તને કાપવાનું થાય તો તેના એવઝમાં બીજું રોપવું જોઈએ.**

# જુમ્આ નથી તો જમાઅત નથી

સાહેબે હિકમત ફરમાવે છે કે, "જેના ભાઈઓ નથી તેના ઘરમાં સુકૂનો કરાર નથી, જેનો કોઈ ફરઝંદ નથી તેની દુનિયામાં ઝિક્ર બાકી નથી, જેના નઝદીક માલે હલાલ નથી તેની અક્લ પુખ્તા નથી અને તેની દુનિયા-આખેરત દુરસ્ત નથી, જે જુમ્આની નમાઝથી ગાફિલ છે તે જમાઅતની બરકતોંથી દૂર છે."

આ કલામમાં ચાર નુક્તા છે, ભાઈઓ, ફરઝંદ, માલે હલાલ અને જુમ્આ. કુરઆને હકીમમાં હમેં તલાશ કરીએ તો આ ચારે ચીઝોની ઝિક્ર મિલી આવે છે. ભાઈઓની વાત કરીએ તો બયાન એમ છે કે, તમામ મુમેનીન એકબીજાના ભાઈઓ છે. ભાઈઓના સબબ જ કબીલાઓ, ખાનદાનો અને ઉમ્મત બાકી છે. માલ અને ફરઝંદ વાસ્તે છે કે, આ બેવે તો દુનિયાની ઝીનત અને ફિત્નત છે, **આ બેવેથી ઈન્સાનની આઝમાઈશ અને ઈમ્તેહાન થાય છે.** જુમ્આની ફઝીલત વાસ્તે તો પૂરી સૂરત નાઝિલ થયેલી છે. હુકમ એમ છે કે, જુમ્આના દિનની નમાઝની નિદા કાન પર આવે કે, કારોબારને છોડીને, મસ્જિદ તરફ જલ્દી આવીને, નમાઝ પઢીને, દોઆ કરીને પાછા ખુદાની ઝમીનમાં તેના ફઝલો બરકતને તલબ કરવા નિકલી જાય. તિજારત તો દુનિયામાં વક્ત ગુઝારવાનો એક બહાનો છે અને જે પાગલ જેમ તેને પાછલ પડી જાય છે તે દુનિયાની તિજારતને રમતબાઝીનું ખિલોનું બનાવી લે છે.

ભાઈઓ હોય, સાથે હોય, એક કારોબાર હોય, અલગ-અલગ ચીઝો અને ઝિમ્મેદારીઓ સંભાલતા હોય તો એકબીજાની હિમ્મત, હોંસલો અને તાકત બનીને રહે છે. જિસ્મમાં જેમ પીઠ હોય છે તેમ ભાઈઓનો કિરદાર છે. પીઠના હાડકાઓમાં બીમારી આવે, દર્દથી તે ખમ થઈ જાય, સીધી રાખી ન શકાય, બરાબર ચાલી યા ઝુકી ના શકાય તો જિસ્મની તાકત અડધી થઈ જાય છે. તે જ મુજબ ભાઈઓનું હોવું અને ન હોવું છે. **ઈન્સાનનું ઘરબાર, અહલ, રિશ્તેદારી ભાઈઓના સબબ ઔર મઝબૂત બને છે.** ભાઈઓથી ઘર અને અહલની બંદિશ અને હુરમત બની રહે છે.

ઔલાદ, ઘરનું નૂર અને માઁ-બાવાજીની આઁખોની ઠંડક હોય છે. તેના સબબ ઘરમાં નોંકઝોંક, કલકલાટ, ચહલ-પહલ અને રૌનક રહે છે. ઔલાદ પછી તે દુખ્તર હોય કે ફરઝંદ હોય તેના બાવાજીના વારિસો થાય છે. દુખ્તર નૈકોકાર હોય અને મુમિનના ઘરે નિકાહ કરીને પોતાનું ઘર વસાવે તો તે પોતાના વાલિદની ઈઝઝત પૈદા કરે છે. દુખ્તરના સબબ વાલિદની ઝિક્ર તાઝા રહે છે. ફરઝંદ હોય અને તે ઈમાનદારી પર પોતાની ઝિંદગીની બુનિયાદ મુકી હોય, **આબાઈ કારોબારને લઈ ઉઠો હોય** અને મુમેનીનની ખિદમતમાં પૈશ-પૈશ હોય તો ઝરૂર તે ફરઝંદની આ તરહ આઅલા ખસ્લતોંથી તેના વાલિદની ઝિક્રે ખૈર લોગોમાં કાઈમ રહેશે.

દાઅવતની તારીખમાં એવા લોગો ગુઝરા છે જે દાઈયુલ્લાહને ખૂબ કરીબ હતા, જમાઅતની ખિદમતના સબબ લોગોમાં નામવર થયા, ઈઝઝતો અઝમત પૈદા કીધી. મગર તેઓની ઔલાદ એવી ન ઉઠી કે, તેના નામની ઈઝઝતને બાકી રાખી શકે. તે ઔલાદ ગલત રસ્તા પર, ખોટી આદતો પર અને ખરાબ સોહબતમાં ફસાઈ ગઈ અને પોતાના બાવાજીઓની ઈઝઝતને ખાકમાં મિલાવી દીધી. આજે એવા મોટા નામો ગુમનામીના પડદા પાછલ છુપાઈ ગયા છે. આનાથી બરઅકસ એવા ઘણા જવાનો છે કે, જેમના બાવાજીઓની કોઈ એવી નુમાયા ખિદમત જમાઅતમાં ન હતી, મશ્હૂરો માઅરૂફ ન હતા મગર એમની ઔલાદને એવા આઅલા કારનામા અંજામ આપા કે, તેઓ પોતાના બાવાજીઓના નામને **ફરશથી અરશ** પર લઈ ગયા. એવી ઔલાદથી તેના બાવાજીની ઝિક્રે ખૈર આ આલમમાં લોગોની ઝબાન પર ઝિંદા છે.

ખુદાતઆલા કોઈને સહી રસ્તાથી માલો દૌલતથી નવાઝે છે તો તેને સમઝ-બુઝ પણ આપે છે. માલને મુનાસિબ જગાઓ પર ખર્ચ કરવા વાસ્તે તેની અક્લને તૈઝ બનાવે છે. તાકે હક્કદારોને તેના હુકૂક બરાબર પહોંચે અને તેનો માલ એવો તૈયેબો-તાહેર બની જાય કે, દનિયા અને **આખેરતમાં માલના ઝરીએ હસનત જ હસનત** હાસિલ થાય. જેને આ જહાનમાં માલ અને અક્લની બેવે નાદિર નેઅમતો એક સાથે મિલી ગઈ તેના જેવો ખુશકિસ્મત કોઈ બીજો શખ્સ નથી.

(બકીયાહ પેજ નં. ૮ પર)

**આલિમે અહલે બૈત ફલદાર દરખ્ત મુજબ છે. ઈલ્મના સબબ આલિમ ઝુકેલો રહે જેમ ફલના સબબ દરખ્ત ઝુકેલું રહે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
### કિસ્ત-૩૧

**કોઈ શખ્સ ગુનાહ કરે અને પોતાની જાનને મલામત કરે તો તે જ ખુદાતઆલાનો મહેબૂબ બંદો છે.**

કોઈ શખ્સનો જાન નાફરમાનીની નાપાકી પર સવાર થાય, યાઅની કે તે નફસે અમ્મારહ બની જાય અને ગુનાહ કીધા બાદ તૌબા કરવા પર આમાદહ થાય અને પોતાને કોસવા લાગે કે નફસે લવ્વામહની શિક્લો સૂરત અપનાવે તો પછી તે અઝાબના ફંડાથી છુટી જાય છે અને મહેબૂબે ખુદા બની જાય છે. બની ઈસ્રાઈલની કૌમમાં એક આબિદ-ઝાહિદ શખ્સ હતા. ૭૦ સાલ તક પોતાની ઝોપડીમાં ખુદાની બારગાહમાં ઈબાદત કરતા રહ્યા અને ખૂબ જ તકવાથી ઝિંદગી બસર કરતા રહ્યા. આટલી લંબી મુદ્દત બાદ જે વક્ત તેને કોઈ ઝરૂરી હાજિત પૈશ આવી તો ગુફા જેવી પોતાની ઈબાદતની જગા છોડીને તે બાહર નિકલા. **ખૂબ કોશિશ કીધી મગર તેની હાજિત પૂરી ન થઈ અને તે ગમગીન થઈને ગાર-ગુફામાં પાછા આવી ગયા.**

તે આબિદ મનમાં ને મનમાં એમ સોચવા લાગા કે, ખુદાતઆલા આ મારો કેવો ઈમ્તેહાન લઈ રહ્યો છે. જો મારા ખુદાને ઈલ્મ હોત કે, મારામાં ખૈર કેટલું છે! ૭૦ સાલથી મેં કેવી તેની ઈબાદત કરી રહ્યો છું, ઈખ્લાસના સાથ મારી પૂરી ઝિંદગી સજદા કરીને સર્ફ કરી નાંખી છે, તો ઝરૂર તે મને નાઉમ્મીદ ના કરતો. મારી હાજિતને પૂરી કરી દેતો અને હું તે બાદ શૌકથી મારી ગુફામાં જઈને બાકીની મારી ઝિંદગી તેની જ ઈબાદત કરવામાં ગુઝારી દેતો.

યાઅની કે આબિદ પોતાની જાન-નફસને કોસવા લાગો અને એમ ઈઝહાર કરવા લાગો કે, મારામાં જ કોઈ કુસૂર છે. મારી ઈબાદતમાં કોઈ ખામી રહી ગઈ છે. ખુદાતઆલાના નઝદીક હું અઝીઝ બંદો નથી. મારા કોઈ ગુનાહના સબબ મારી ઈબાદત મને કામ લાગી નહીં. આ તરહ તે આબિદ પોતાની ઝાત પર અફસોસ કરવા લાગા અને મલામત કરવા લાગા. દોઆ કરવા લાગા કે, **અય ખુદા! તું મને હવે પછી મુખ્લિસ મુમિન બનાવી દે. તારી બારગાહથી હું નાઉમ્મીદ થાઉં તે મને પસંદ નથી.**

આ તરહ આબિદ બારગાહે રબ્બાનીમાં આજિઝી કરતા હતા કે, ખુદાતઆલાએ એક ફરિશ્તાને મોકલા અને તે આબિદને ફરમાન સંભલાવું કે, "અય મારા મુખ્લિસ બંદા! તુંએ તારા જ નફસની મલામત, મઝમ્મત અને તૌબીખ કીધી છે. તારી ભુલ કુબૂલ કીધી છે. તું ગુનેહગાર છે તેનો ઈકરાર કીધો છે. મારી બારગાહમાં તું આજિઝીથી પૈશ થયો છે, તો આ તારી ઈન્કેસારી, ઝુકવું અને મને તારી ઝાતને સોંપવું તે તારી ૭૦ સાલની ઈબાદત કરતા વધારે મારા નઝદીક મહેબૂબ અને અઝીઝ છે. તારી ઝાત પર તારી મલામતના સબબ મેં તારી હર હાજિતને પૂરી કરીશ. તુંને જે કઈ જોઈતું હોય તે તલબ કર, જો મારી ઈનાયતના દરવાઝા તારા વાસ્તે કેવા ખુલ્લા છે!" આબિદે કહ્યું કે, **"અય મારા પરવરદિગાર! મને તારાથી કઈં જોઈતું નથી. ફક્તને ફક્ત તું મને બખ્શી દે."** મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) પૂરી રાત ઈબાદત કરતા, ઝાર-ઝાર રોતા, પોતાના નફસ વાસ્તે મલામત કરતા અને ગુનાહોંને મુઆફ કરાવવા તૌબા-ઈસ્તિગફાર કરતા. ✩

## મૌસમ

ખુદાતઆલાએ એક સાલમાં ૧૨ મહીના મુકેલા છે. આ બાર મહીનામાં ૪ અહમ મૌસમ આવે છે. મૌસમ મુજબ હવા, પાની, ફિઝા, તબીઅત, ખેતી, ફલ-ફૂલ વગૈરહ તબ્દીલ થાય છે. હર મૌસમની નઝાકત અને કૈફીયત અલગ હોય છે. જો હમેં હમારા ઘર તરફ નઝર કરીએ તો તેમાં પણ ચાર અહમ મૌસમ હોવી જોઈએ. જેમ ઈન્સાન મૌસમના બદલાવના સબબ સેહતમંદ રહે છે તેમ ઘરના લોગોના અખ્લાક અને વહેવારની સેહતમંદી પણ આ ચાર મૌસમ પર છે : ૧) ઈબાદત ૨) ખિદમત ૩) સખાવત અને ૪) મોહબ્બત. **ઘરમાં આ ચારે-ચાર મૌસમ એક જ દિનમાં હરરોઝ હોય છે.** જે શખ્સ આ ચીઝોને બરાબર પહેચાની ગયો અને ઘરના અફરાદને એ મુજબ તાઅલીમો તરબીયત આપી, તો ઝરૂર તે ઘર પછી ઘર નહી પણ ગુલે ગુલઝાર બની જાશે. ✩

**શજરતે તૈયેબીયહ – તૈયેબી દરખ્ત કેયામતના યૌમ તક સરસબ્ઝ અને લીલું રહેશે.**

**રાતે દરખ્તના સાયામાં સુવું જોઈએ નહીં.**

## મેઅરાજે નબવી અને બૈરાઓનો અઝાબ

દોઆતે યમાનીયીન અલ-મુત્લકીન (આ.કુ.) એ ઈન્સાનના અખ્લાક, અદબ અને તહેઝીબ પર સેંકડો ઔરાક લખેલા છે. મુમેનીનની ઝિંદગી આબાદ-શાદ થાય અને નૈક અખ્લાકથી નૂરાનીદાર થાય તે વાસ્તે યમની દોઆતે બેશુમાર મજલિસો મુન્અકિદ કીધેલી છે. આ દોઆતમાં સરે ફહેરિસ્ત તીસરા દાઈએ મુત્લક સૈયેદના હાતિમ મોહીયુદ્દીન સાહેબ (આ.કુ.) અને ઓગણીસમા દાઈએ મુત્લક સૈયેદના ઈદરીસ ઈમામુદ્દીન સાહેબ (આ.કુ.) છે. આ બેવે દાઈઓ અહલુલ બૈત (અ.સ.) ની ફઝીલતોના મુખ્તલિફ અખ્બાર લઈ આવા છે. તેમાં આપ, મેઅરાજની રાત જેને લયલુલ ઈસરાએ વલ મેઅરાજ કહે છે, તેમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે શું માજરો પૈશ આવો તેનો તફસીલી કિસ્સો બયાન કીધેલો છે.

આપ દાઈએ હક્ક ફરમાવે છે કે, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી બયાન આવેલું છે કે, એક દિન હું રસૂલુલ્લાહ બાવાજીની હઝરતે નબવીયહમાં પૈશે ખિદમત થયો. મેં જોયું કે, આપ ખૂબ રોઈ રહ્યા છે યહાઁ તક કે, આપની લહ્ય મુબારક-દાઢી આંસુઓથી તર થઈ ગઈ છે. મેં ખૂબ પરેશાન થયો અને અરઝ કીધી કે, મારા માઁ-બાવાજીથી હું આપના ઉપર ફિદા થઈ જાઉં, યા રસૂલલ્લાહ! આપ આ તરહ શિદતથી કેમ રોઈ રહ્યા છો? આપે ફરમાવું કે, "અય અલી! જે વક્ત ખુદાતઆલાએ મને મેઅરાજ બખ્શી અને મેં ઝમીનો આસ્માનના અજાએબાત-ગરાએબાત જોયા તો તે રાતે મેં એ પણ જોયું કે, **"મારી ઉમ્મતના બૈરાઓ જહન્નમમાં કઈ તરહ સખ્તતરીન અઝાબમાં ગિરફતાર અને મુબ્તેલાએ બલા છે. તે મન્ઝરે દર્દનાક જોઈને મને બેહદ રંજો ગમ થયો અને તે જ છે મારા રોવાનો સબબ!"**

"અય અલી! ખુદાની પનાહ એવા અઝાબથી કે દીને હક્કમાં માનનાર એવા બૈરો પણ છે કે, જે બઝાહિર નમાઝો પઢતા હોય, રોઝા રાખતા હોય, હજ્જ પર જાતા હોય, પોતાના મરદોને જેહાદ પર મોકલતા હોય, કુરઆન પઢતા હોય, હર તરહની સફાઈ રાખતા હોય, પણ બાતિનમાં એવા અમલ કરતા હોય કે, જેથી રબ્બુલ ઈઝઝત તેનાથી નારાઝ થાય. અફસોસ કે, તેના ખૈર અમલના સવાબ પર બદ કામોના અઝાબ હાવી થઈ જાય."

"અય અલી! મેં એક બૈરોને જહન્નમમાં એ તરહથી જોયા કે, ૧) તેને તેના **બાલથી** ઊંધી લટકાવવામાં આવી છે અને તેનું **દિમાગ** કોઈ ઉકલતી ચીજ મુજબ ખદબદી રહ્યું છે. ૨) બીજા એકને જોયા કે, તેને તેની **ઝબાનથી** લટકાવવામાં આવી છે અને તેના **હલકમાં** ગરમ-ગરમ પાની નાંખવામાં આવી રહ્યું છે. ૩) પછી મેં જોયું કે, એવા પણ બૈરો છે કે જેઓને તેમની **છાતીથી** લટકાવવામાં આવી છે. ૪) એક બૈરો તો એવી કે તે ખુદ પોતાની **નોંકદાર આંગલીઓથી** પોતાના પૂરા બદનને નોંચે છે અને આગ તેના ઈર્દ-ગિર્દ સિલગી રહી છે. ૫) બીજો અઝાબ એવો હતો કે, તે બૈરોના હાથ અને પગ આગની રસ્સીથી કસીને બાંધેલા છે અને **ઝહરીલા જાનવરો** જેવા કે, સાપ-વીંછું તેને બેરહેમીથી ડંખ મારી રહ્યા છે. ૬) એક અંધી-ગૂંગી બૈરો એવી હાલતમાં હતી કે, તે શોઅલાઝન **આગની પેટીમાં** કૈદ છે અને તેમાંથી નિકલવા વાસ્તે પછાડા ખાઈ રહી છે. ૭) અઝાબની ઈન્તેહા તો એ હતી કે, મેં જોયું કે, એક બૈરોના **જિસ્મ પર કોઢ** છે, સફેદ દાગ છે અને તેના આંગલા ખિરેલા છે અને તેના **નાકના નકસોરા** માંથી આહિસ્તા-આહિસ્તા તેના દિમાગના વલ રસ્સી જેમ નિકલી રહ્યા છે. ૮) એક બૈરો એવી હતી કે, તે આગના **તન્નૂરમાં મુઅઝ્ઝબ** છે અને તેના પગ બાંધીને તે તન્નૂરમાં લટકાવવામાં આવી છે. ૯) એક ડરાવની સૂરતવાલી બૈરો કે જેનું **મૂઁહ આગના શોઅલાઓમાં** જલી રહ્યું છે અને તે પોતાના બેવે હાથથી આંતરીઓને ખાઈ રહી છે. ૧૦) મેં એવા પણ બૈરોને જોયા કે, જેનું માથું ભુંડ-સુવરનું અને બદન ગધેડાનું છે અને તેના ઉપર **આગના ચાબુકથી** અઝાબ કરવામાં આવી રહ્યો છે. ૧૧) મેં એકને જોઈ કે તેની શિકલ કૂતરાની છે અને તેના **નજાસતના મખરજથી** આગ દાખિલ થઈ રહી છે અને તેના મૂઁહથી તે આગની લપટો નિકલી રહી છે. ફરિશ્તાઓ તેના માથા પર આગથી લાલ ટેટા જેવા થયેલા **લોખંડના થાંભલા** મારે છે."

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, પછી મેં મારા હબીબની હઝરતે મોહંમદીયહમાં અરઝ કીધી કે, અય મારી આંખોંની ઠંડક અને મારા યકીનનો સરચશ્મો! આપ મને ખબર કરો કે, આપની ઉમ્મતના બૈરો પર આ તરહ મુખ્તલિફ શદીદ અઝાબ કરવામાં આવી રહ્યો હતો, તે બૈરોના કયા કયા બદ અમલ યા ખરાબ સીરતને સબબ હતો?
(બકીયાહ પેજ નં. ૮ પર)

**મિસિરના મહેલોને ઈર્દ-ગિર્દ અપના ઈમામોએ બેશુમાર ફલદાર દરખ્તો વાવેલા હતા.**

## ગરઝપરસ્ત

લોગોની આદત હોય છે કે, કોઈ ચીઝમાં ફસાવવાનો વારો આવે યા કોઈ ચીઝ કરવા તરફ એ લાચાર હોય યા કોઈ કામને તકમીલ પર તે ન પહોંચાવી શકે તો પોતે તેમાંથી છટકવાનો રસ્તો તલાશ કરશે અને ખુદના ઉપર તે કામ વાસ્તે ઈલ્ઝામ ન આવે એવી સૂરતમાં તે બીજા ઉપર ઝુલ્મ કરશે, દોષનો ટોપલો બીજા ઉપર ધોલશે. એમ જતાવશે કે, જો પોતે કેટલો સાફ છે, મહેનતું છે મગર બીજાની લાપરવાહી અને બેદરકારીના સબબ આમ થયું!

ખુદાતઆલા કુરઆને પાકમાં ફરમાવે છે કે, **"બેશક! ખુદાતઆલા લોગો પર કોઈ ચીઝ વાસ્તે ઝુલ્મ નથી કરતો મગર લોગો ખુદ પોતાની ઝાત ઉપર ઝુલ્મ કરે છે."** જો ખુદા તરફથી ઝુલ્મ હોત તો આ જહાન બાકી જ ન રહ્યું હોત. ઝુલ્મની શરૂઆત જે વક્ત થાય છે તો તેના સાથે દુશ્મની, દૌલત, ગરઝ, લાલચ અને દુનિયાવી મફાદ નઝર સામે આવે છે. આ ઝુલ્મની શદીદ બીમારી છોડાવવા હમારા દરમિયાન નબી અને નબીની આલ હાઝિર છે.

હમેં મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) ના વક્તની ઝિક્ર કરીએ કે, જ્યારે ફિરઔન લઈન મિસિરનો બાદશાહ હતો અને તેના ઝુલ્મના બોઝથી ખલ્કે અઝીમ ચૂર ચૂર હતી. તમામ લાચાર અને બેબસ હતા. કોઈ ખુદાના વલી તેઓને ઉગારી લે અને ફિરઔની ઝુલ્મથી બચાવી લે તેની ઉમ્મીદ સાથે લોગો બેસા હતા. ફિરઔની ઝુલ્મના ચાર પાયા હતા. ૧) તે કહેતો હતો કે, હું જ ખુદા છું. જે કઈ છે તે આ ઝમીન પર મારાથી જ છે. તમેં જે છો તે મારાથી જ છો. ૨) આ હમારા ખુદાઓ તમને પાછા ઝિંદા કરશે. આ ઝમીન હમારા ખુદાઓની છે અને હમેં તમને અનાજ-પાની આપીએ છીએ. હમારાથી તમારા દુઃખ દૂર થાશે. ૩) તમારૂં જિવવું મારા વાસ્તે છે. તમારી હર ચીઝ મારા વાસ્તે છે. તમેં મારી સલ્તનતમાં મારા વાસ્તે છો. ૪) મારા પાસે જે તાકત છે તે દુનિયામાં કોઈના પાસે નથી. મારા પાસે બેશુમાર ખઝાનાઓ છે. મારો હર ચીઝ પર કબ્ઝો છે.

આ ચાર ચીઝો **"હું, હમેં, મારે વાસ્તે અને મારા પાસે"**, ફિરઔની ઝુલ્મના પાયા હતા. જે લોગોએ આ ઝુલ્મમાં ફિરઔનનો સાથ આપો તે દૌલતપરસ્ત અને ગરઝપરસ્ત થયા. તેઓ મૌ. મૂસા નબીની હક્કાનીયત અને દીનદારીની માઅરેફત રાખતા હતા. જાણતા હતા કે, મૌ. મૂસા નબીનું દીન જ રાહે હક્ક છે અને ફિરઔનના ઝુલ્મ વાસ્તે આ એક વાહેદ ઈલાજ છે. **પણ આનું બીજું પાસું એ હતું કે, તે જ લોગો વાસ્તે ફિરઔનને સાથે રહેવામાં તેની હઁ માં હઁ મિલાવવામાં દૌલત હતી, દીનાર હાસિલ થાતા હતા, દરબારમાં ઓહદો મિલતો હતો અને લોગોમાં વટ પડતો હતો.** આ તરહના લોગો બાઝ ઔકાત મૌ. મૂસા નબી જે મિસિરમાં ખૂફીયહ દાઅવત કરતા હતા તે ગિરોહમાં જઈને પણ બેસતા હતા. પણ તેઓની નઝર અને દિલ ફિરઔનના ઈન્આમો દૌલત પર હતી.

મૌ. મૂસા નબીના ચંદ સાથીઓ દુનિયાવી ફાયદા હાસિલ કરવા ફિરઔનના ઝાલિમ વઝીરો સાથે એ વાસ્તે રહ્યા કે, જે વક્ત મૌ. મૂસા નબી ઝાહિર થાશે, ખુલ્લી રીતે પોતાની દાઅવતને લોગોમાં પૈશ કરશે અને ફિરઔનના ખુદાઈ દાઅવા સામે ખુદાતઆલાનો તૌહીદનો પૈગામ પહોંચાવશે તો હમેં ફિરઔનનો સાથ છોડીને મૌ. મૂસા નબી સાથે થઈ જઈશું. ખુદાના નબીની મદદ પર આવી જઈશું અને ફિરઔનના જૂઠ સામે હથિયાર ઉઠાવીને તેને લલકારીશું. મગર આ બધું ફક્ત ઝબાની ખેલ હતો. તેઓના દિલોમાં ઝર્રા બરાબર પણ ઈખ્લાસો ઈમાન ન હતું.

જે વક્ત ફિરઔની ઝુલ્મ બેઈન્તેહા વધી ગયો અને મૌ. મૂસા નબી અને આપના મુખ્લિસ મુમેનીનના જાન પર આવી બની તો હુકમે ઈલાહી થયો કે, **"અય મૂસા! તમેં તમારા અહલને લઈને દરિયએ નીલને તજાવુઝ કરીને, પાર કરીને કોઈ સલામત જગા પર ચાલા જાવ. ફિરઔન તેના લશ્કર સાથે તમને પકડવા તમારો પીછો કરે તો તમેં ગભરાશો નહીં. ફક્ત તમારા રબ પર તવક્કુલ રાખજો."** મૌ. મૂસા નબીની અસાનો મોઅજિઝો એવો થયો કે, નીલ નદીના પાની જુદા થઈ ગયા અને આપને રસ્તો બનાવી આપો. મુખ્લિસ મુમેનીન આપના સાથે હતા અને તેઓ મૌ. મૂસા નબી સાથે નદીને બા-સલામત પાર કરી લીધી.

હવે જે લોગોને મૌ. મૂસા નબી પર યકીન ન હતું, તેઓ પાછલ-પાછલ આખિરી સફોમાં હતા. શક-શુબેહવાલા હતા. ગરઝપરસ્ત હતા. મૌકો જોઈને જ્યાં ફાયદો થાતો હોય ત્યાં પલટનારાઓ હતા. તેઓનો બદ-ઈરાદો એ હતો કે, જો મૂસા અને

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**જે શખ્સ માટી અને દરખ્ત સાથે રાબેતામાં હશે તે શખ્સ ઈમાનથી પુખ્તા હશે.**

(પેજ નં. ૬ નું બાકી)

તેઓ આ તરહ મુઅઝઝબ થયા અને સખ્ત સઝાના લાયક થયા, શું કામ?

આપ નબી સાહેબે રોતા રોતા ફરમાવું કે, "અય મારા અલી! તમેં સાંભલો! ૧) જે બૈરોને તેના બાલથી લટકાવવામાં આવી હતી, તે તેના **બાલને સરે બાઝાર ખુલ્લા રાખીને** ગૈર-મહેરમ મરદોના દરમિયાન નુમાઈશ કરતી હતી. ૨) જે બૈરોને ઝબાનથી લટકાવવામાં આવી હતી તેનો ગુનાહ એ હતો કે, તે પોતાના **મરદની નાફરમાન** હતી. ઝબાનથી ઈઝા-તકલીફ આપતી અને બદકલામી કરતી હતી. મરદને ટુંકારે નામથી બોલાવી બેઈઝઝતી કરતી હતી. ૩) જેને છાતીથી લટકાવીને અઝાબ કરવામાં આવતો હતો તે બદકાર, ફહેશકાર અને ઝાનીયહ બૈરો હતી. ગૈર-શરઈ અને **ગૈર મરદો સાથે તઅલ્લુકાત** બાંધતી હતી અને પોતાના મરદ સાથે બેવફાઈ અને ફરૈબ કરતી હતી. ૪) પોતાના બદનને નોંચનારી બૈરો એ છે કે જે પોતાના જિસ્મના હુસ્નો જમાલને પરાયા મરદો સામે ઝાહિર કરતી હતી. સજી-સઁવરીને એવી બાહર ફિરતી હતી કે, જેથી ગૈર **લોગોની બદ-નઝર** તેના તરફ થાય અને આમ કરવાથી તેને મઝા આવતો હતો. ખુદના હુસ્ન પર ફખર મહેસૂસ કરતી હતી. ૫) જે બૈરો પર વીંછું ચઢેલા હતા અને તેના હાથ-પગ આગની રસ્સીથી બાંધવામાં આવા હતા તે એ હતી કે, જે નાપાકીમાં રહેતી હતી. જનાબત અને હૈઝનો ગુસ્લ કરતી નહોતી અને પોતાના **મરદની ગૈરહાઝરીમાં ઝિના** અને બદકારીથી લઝઝત ઉઠાવતી હતી. ૬) અંધી અને ગૂંગી બૈરો એવી શયતાનીયત પર સવાર હતી કે, તે બુરી ચીઝ બોલતી હતી, બુરાઈ તરફ નઝર કરતી હતી અને હર આઅઝાથી બદકારી કરતી હતી કે, જે **શરીઅતમાં હરામ** હોય. ૭) સફેદ દાગવાલી બૈરો એ હતી કે જે ખુદાતઆલાના દીન વાસ્તે બદગુમાની કરતી હતી. મારા ઉપર તોહમત મુકતી હતી અને મારા **અહલે બૈતની દુશ્મને ખાસ** હતી. ૮) તન્નૂરમાં લટકાવવામાં આવેલી બૈરો એ હતી કે, જે ઘરની ઝિમ્મેદારી છોડીને પોતાના **શૌહરની ઈજાઝત બગૈર** બાહર નિકલતી હતી અને ગૈર-મહેરમ મરદો સાથે મઝાક-મસ્ખરી કરી બેઅદબીથી પૈશ આવતી હતી. ૯) જેનું મૂઁહ આગના સબબ ઝુલસેલું હતું તે પોતાના મરદના તકાઝા અને ખિદમતને નઝરઅંદાઝ કરનારી **ઝિદ્દી બૈરો** હતી. મરદથી પોતાના હુકૂકને માંગનારી અને ખુદ પર મરદ વાસ્તે શું હુકૂક છે તેને પસે પુશ્ત નાંખનારી બૈરો હતી. ૧૦) સૂવરના માથાવાલી બૈરો એ બદ-ખસ્લતની હતી કે, તે **વાત-વાતમાં જૂઠ-બનાવટ કરનારી**, હકીકતને છુપાવનારી અને બીજાની રાઝની વાતને ફાશ કરનારી ચુગલખોર બૈરો હતી. ૧૧) ખુદાતઆલાએ જેને કૂતરાની શિકલની કીધેલી તે આમ લોગોમાં **નાચનારી, ગાનારી અને ફહેશ બોલીને હઁસાવનારી** હતી."

આખિરમાં આપે ફરમાવું કે, "અય અલી! યોમે કેયામત હું તે બૈરોથી મૂઁહ ફેરવી લઈશ કે, જેએ પોતાના મરદની નાફરમાની કીધી હશે. હલાક થાશે એવા બૈરો! હું ખુશખબરી અને વધામણી આપું છું તે બૈરોને **જે હર પલ માઅરૂફમાં અને નૈકીમાં પોતાના મરદનો સાથ આપે**, એની તાઅત અન ખિદમત કરે. મરદની ખુશીમાં જ પોતાની ખુશી સમઝે." ☆

(પેજ નં. ૪ નું બાકી)

જુમ્આના દિનના માલિક રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે, જુમ્આનો દિન હફતાના તમામ દિનોની બરકતોનો મજમૂઓ છે, તમામ દિનોનો સરદાર છે, તે દિનની ઝોહરની નમાઝ તમામ ઈમાનદારોને જમાઅ કરનારી છે, તે જમાઅત કહેવાય. યાઅની જુમ્આથી જમાઅત છે. જેમ દીને ઈસ્લામથી બીજા તમામ દીનો નિકલેલા છે. જમાઅતની શનાખ્ત, જુમ્આના દિન દાઈયુઝઝમાન યા એમના રઝાના સાહેબ જે મસ્જિદમાં હાઝિર હોય અને મુમેનીનને જે મખ્સૂસ વસીલાઓની દોઆ સાથે નમાઝ પઢાવે, તેનાથી છે. **જે અપના અકીદાની નમાઝમાં શરીક ન થયો તે જમાઅતમાં નથી અને જે જમાઅતમાં નથી તે મલઊનો મરદૂદ છે.** ઈમામમુઝઝમાન (અ.સ.) જે આલે હુસૈન (અ.સ.) માંથી હોય, જો આપ ઝુહૂર ફરમાવે, આપના હાથમાં સલ્તનત હોય, ઝુલફિકાર હોય, મિમ્બર હોય, જેહાદનો અમર હોય, લશ્કર હોય, વઝીરો-હુજ્જતો-દોઆતો-અમીરો હોય, તો આ જ જુમ્આના દિન પોતાના નામથી ખુત્બો પઢે, તમામ મુમેનીન આપના તાબેઅ થાય અને કાફેરીન-મુનાફેકીનને વાસિલે જહન્નમ પહોંચાવે, ફિત્નત-ફસાદને મિટાવે અને ઈન્સાફને કાઈમ કરે, તો આ મુજબ અમર અને કાર્યવાઈ ઈમામે હક્ક સિવાય બીજું કોઈ ન કરી શકે. ☆

**માઁ-બાપનો સાયો દરખ્તના સાયા મુજબ છે કે, તે લોગોની બદ-નઝરની ગરમીથી પોતાની ઔલાદને બચાવી લે છે.**

## સર ઝુકે છે : અપની ઝબાન

કોઈ પન શખ્સની ઈઝઝત તેના સર સાથે જોડાયેલી હોઈચ. કોઈ પન તેના જીવી મખ્લૂકને સામી “સર” ઝુકાવતો નથી. ખુદા અને ખુદાના ઔલિયા વાસ્તે અલગ અને ખાસ મામલો છે, કેમકે તે સાહેબ સાથે તે શખ્સનો ઈમાનો યકીન અને મીસાકો વસીલાનો રિશ્તો હોઈચ. “સર” અને ચહેરાના લીધે તેની પહેચાન છે. જિસ્મનો હરએક આઅઝા “સર” સાથે તઅલ્લુક રાખેચ. મુખ્તસરમાં એ કે જિસ્મનો દારોમદાર તેના “સર” પર હોઈચ. કોઈ આફત-મુસીબત યા એક્સીડન્ટને વક્ત “સર” ની હિફાઝત પહેલા કરવામાં આવેચ. **ઈઝઝત અને હોંસલાનું બીજું નામ સરબલંદી છે.** ખુદાર અને ગૈરતમંદ શખ્સ સરબલંદી સાથે જીવેચ.

સૈયેદુશ્શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિક્ર કરીએ તો માલૂમ થાઈચ કે, આપે સર આપવાનું પસંદ કીધું પન બાતિલપરસ્ત સામે શરીઅતને સાચવવા અને હક્કના પરચમને બલંદ રાખવા સરને ઝુકાવવાનું પસંદ ના કીધું. હઝાર હઝાર સલામ આપ પર કે, શું આપની કુરબાની હતી, શું આપની જાઁફિદાઈ હતી. લઈનોએ આપનું સર કલમ તો કીધું મગર તે સરે હુસૈને શાન હિવી બતાવી કે, કરબલા બાદ પન આપનું સર બલંદ રહ્યું. ભલે આપનું સર કતઅ થયું પન આપ તા-કેયામત સરે ઈમાનને બલંદ કરી ગયા. આપનું સર ખુદાની મરઝી સામે ઝુકેલું હતું અને આપના સાથીઓના સર આપની ઈતાઅત, ખિદમત અને હુકમની તાઅમીલ વાસ્તે ઝુકેલા હતા. કેમકે, તમામ કરબલાઈઓ અને હુસૈનીઓ જાનતા હતા કે, હમારા ઈમામે હક્કના હાથમાં જ હમારી ઈઝઝત અને હમારી ઝિંદગી છે. **જે સર ઈમામના કદમમાં ઝુકસે તે સર ખુદાતઅલાની હઝરતમાં ઊંચું અને દરખશિંદા થાસે.**

કુરઆને કરીમમાં તન જગા પર બયાન આવેલુંચ કે, ખુદાતઆલાની આ ઝમીન પર યા કે આસ્માનોમાં જે મખ્લૂકાત છે - પછી તે જાનદાર હોય કે ગૈર-જાનદાર, તમામે તમામ તેના સરોંને ખુદા સામી ઝુકાવેચ યા સજદો કરેચ. તેઓ પોતાની મરઝીથી કરતા હોય યા તેઓથી કરાવવામાં આવતું હોય. જો આ ચીઝ મજબૂરન કે ઈકરાહન યાઅની કે ઝોર-ઝબરદસ્તીથી કરાવવામાં આવતી હોય તો આ તેઓની નાદાની અને કમઅક્લી છે. ઈતાઅત, હુકમ-રવાઈ અને તાબેદારીની શરતે અવ્વલ જ ઝુકવું છે. **બારગાહે અઝઝ વ જલ્લમાં ઈબાદતની મકબૂલીયત જ સજદો કરવું છે.** આમ તૌર પર કોઈ શખ્સ બીજાથી રાઝી થાય અને તેની વાતને કુબૂલ કરે તો તે પોતાના સરને ઝુકાવીને જ ઈશારો કરેચ. કોઈ પન ચીઝ આ ખલ્કમાં એવી નથી કે, જે ખુદાતઆલાને નઝદીક ઝુકતી નથી.

અકલી-નકલી દલીલ એ પણ છે કે, કોઈ મસ્જિદમાં ૧૦ સફના નમાઝીઓ હાઝિર હોય તો દસમી સફના લોગો નવમી સફને સામી ઝુકસે, નવમી સફવાલા આઠમી સફવાલા સામી ઝુકસે અને આ જ રીતે બીજી સફના નમાઝીઓ પહેલી સફવાલા સામી ઝુકસે. પહેલી સફના મુમેનીન રઝાના સાહેબ જે નમાઝના ઈમામ હોય તેના સામી ઝુકસે. પૈશ ઈમામ જે બધા જ નમાઝીઓ કરતા મુકદ્દમ અને આગલ હોય તે કિબ્લા સામી ઝુકસે. હવે કિબ્લો જે કાઅબતુલ્લાહની જેહત તરફ છે, તે કાઅબા તરફ ઝુકસે. અગર કોઈ કાઅબાના નઝદીક ઊભેલો હોય અને એકલો નમાઝ પઢતો હોય તો તે ખુદ કાઅબા તરફ ઝુકસે.

હકીકતથી જો અપને વાકિફ હોઈએ તો ખુદાના વસી અલીયુલ મુરતઝાની પૈદાઈશ અને વિલાદત તો આગૌશે કાઅબામાં જ થઈચ. તો જે સાહેબ કાઅબામાં પૈદા થયા હોય અને જેની પાકીઝગીસી કાઅબા બુતોની નાપાકીથી સાફ થયા હોય અને ઉમ્મતે મુસ્લેમહના લોગો આના સબબ તે સાહેબ અને તેમની આલ વાસ્તે કાઅબાના દિન-રાત તવાફ કરતા હોય અને ગુનાહોંને મંજાવતા હોય તો તે સાહેબ અને તેની આલ વાસ્તે કાઅબાના દરો-દીવાર ઝુકેચ. આ આલ તે હક્કના ઈમામો છે, જેઓ મૌલૂદે કાઅબા અલી વલીયુલ્લાહ (અ.સ.) નો મીસાક મૂમેનીનથી લેચ. આ અઈમ્મતે હક્ક દુનિયામાં અપના વાસ્તે ખોલફાઉલ્લાહ છે કે, જેના નૂરની તરફ મુમેનીન સરને ઝુકાવેચ.

કુરઆને હકીમમાં આયતે શરીફહ છે કે, **“મંચ યોતેઈર રસૂલા ફકદ અતાઅલ્લાહ”**, યાઅની, જે રસૂલની ઈતાઅત કરે તો તેએ ખુદાની ઈતાઅત કીદી. આ તરહના મફહૂમો મતલબવાલી બીજી આયતોમાં છે કે, જેએ ખુદા અને

(બકીયાહ પેજ નં. ૧૦પર)

**દરખ્તને જોવાથી આઁખોનું નૂર ઝિયાદહ થાય છે અને અક્લ તૈઝ થાય છે.**

(પેજ નં. ૯ નું બાકી)

ખુદાના રસૂલની ઈતાઅત કીદી તેએ મોટી કામિયાબી હાસિલ કીદી. **આ બેવેની ઈતાઅતના સબબ જ જન્નતમાં દાખેલો મિલસે.** બીજું એ કે, આ બેવેની ઈતાઅત સાથે અમર અને હક્કના સાહેબ કે જે મસ્નદે રબ્બાની પર નસ્સના સબબ બેસા હોય તેમની ઈતાઅત પન ફરઝ કરવામાં આવી છે. દુનિયા-આખેરતની કામિયાબી વાસ્તે ખુદાતઆલાએ પોતાની ઈતાઅત સાથે પોતાના નુમાઈંદા જે ઈન્સાની કાલિબમાં હોય અને આદમીની શિકલો સૂરત રાખતા હોય તેની ઈતાઅત જાડી દીદીચ. બંદો આ મુકર્રરશુદા નુમાઈંદા યાઅની દાઈએ હક્કની ઈતાઅત કરસે તો જ ખુદાની ઈતાઅત કુબૂલ થાસે.

ફરિશ્તાઓને હુકમ કરવામાં આવો કે, તમેં સજદો કરો યાઅની ઈતાઅત કરો. તો આ સજદો ખુદાતઆલા વાસ્તે ન્હોતો. મગર મૌ. આદમ કે જે ખુદાતઆલા તરફથી તયશુદા બંદા હતા, સફીયુલ્લાહ હતા, તેના વાસ્તે હતો. ખુદાતઆલા કોઈ શિકલ યા સૂરતને ઈખ્તિયાર કરીને ઈન્સાન જીમ અપના સામી ના આવી સકે, જેથી અપને તેને સજદો કરીએ. પન અપના નઝદીક તેના હક્કના નબીની જે આલ હોય તેના નઝદીક સર ઝુકાવવાસી મકસદ પૂરો થાય. **એમ કહી સકાય કે તે અમલ ખુદ અપને ખુદા વાસ્તે કરી રહ્યા છે.** ખુદાના તરફ પહોંચતા પહેલા અપના દરમિયાન તેના વલી તરફ યા દાઈ તરફ પહોંચવું ઝિયાદહ લાઝિમ છે.

આ હક્કનીયતને સમઝવાવાલા દુનિયામાં ખુબ કમ લોકો છે. સરને ઝુકાવવું યાઅની મુમિનની તમામે તમામ મિલ્કીયત-જાનો માલ ઈમામુઝ્ઝમાન (અ.સ.) ને પેશ કરી દેવું છે. ઈમામુઝ્ઝમાન (અ.સ.) મુમેનીનના જાનો માલના માલિક છે. અપને કઈ જ ન્હોતા પણ અપને જે કઈ છે તે અપના ઈમામે હક્કના ઝરીઆસી છે. **સરને ઝુકાવવું યાઅની એ તરહ સજદો કરવો કે, જિસ્મના હરએક આઅઝા સરના મુકાબિલ ઝમીનથી ચોટી જાય.** ઈમામ તરફ સજદતુત્તાઅઝીમ એવો ખાકસારી અને ફિદાગીરીનો તરીકો છે કે, બંદા સરસી લઈને કદમ તક ઝુકી જાઈચ. ઈમામની નઝરે કરમ વાસ્તે પોતાના આઅઝાને થકાવેચ. આ અમલના સબબ મહેશરમાં બીજા લોકો કરતા તે બંદાનું સર બલંદ થાસે. બંદાની ખાકસારી અને ઈતાઅત જે તેએ ઈમામે હક્ક વાસ્તે દુનિયામાં કીદેલી હસે તેના સબબ ઈમામ તેને પરામી લેસે અને તેના ચહેરા તરફ નઝર કરીને તેને શફાઅત અને જન્નતની વધામની આપસે. ખુદાતઆલા દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ની ઈતાઅત અપને નસીબ ફરમાવે અને આપના ઝમાનમાં અપના માલિકો મુખ્તાર ઈમામુઝ્ઝમાન (અ.સ.) ઝુહૂર ફરમાવીએ. ✯

---

(પેજ નં. ૧૫ નું બાકી)

અને પાની તલબ કરી રહ્યો છે! હમેં આપની દેવડી પર આપને લેવા આ જ જગા પરથી ગુઝરા મગર હમેં તેના પર ધ્યાન ન આપું. આપ ફૌરન તે પ્યાસા નસરાની પાસે ગયા અને તેના નઝદીક બેસીને મશકી માંથી તેને પાની આપું. અસ્હાબને એહસાસ થયો કે, હમેં બહુ મોટી ભુલ કરી બેસા. આપે પછી ફરમાવું કે, **"કોઈ પણ શખ્સ હોય, પછી તે નસરાની હોય, યહૂદી હોય યા કાફિર હોય, અરે! કોઈ હયવાન પણ હોય અને તે પ્યાસો તડપી રહ્યો હોય તો તેને પાની પિલાવવામાં અઝીમ સવાબ છે. પાની તે તમામ વાસ્તે ખુદાતઆલાએ મુબાહ કીધેલું છે પછી તેમાં તેનો મઝહબ નથી જોવાતો."**

એક વાર રસૂલુસ્સકલૈન (સ.અ.વ.વ.) વુઝૂમાં મશ્ગૂલ હતા. આપ ચાહતા હતા કે, જલ્દીથી નમાઝમાં શરીક થઈ જાય. તે દૌરાન એક બિલ્લી આપના નઝદીકથી ગુઝરી. આપે તેના તરફ નઝર કીધી અને તે પાછી પલટીને આપના તરફ આવી. આપ સમઝી ગયા કે, તે પ્યાસી છે અને પાનીની તલબમાં આમતેમ જઈ રહી છે. આપે વુઝૂ કરવું છોડી દીધું અને એક કાસ-કદેહમાં પાની લીધું અને તેના સામે મુકી દીધું. **આપ એક જાનિબ બેસી રહ્યા, જહાઁ તક કે તે બિલ્લીએ પેટ ભરીને પાની ન પી લીધું.** જે વક્ત તે ફારિગ થઈ અને કદેહ આગલ લંબા પગ કરીને બેસી ગઈ તો આપે તે જ બચેલા પાનીથી વુઝૂ પૂરી કરી લીધી. કેટલા સખ્ત દિલ અને બદબખ્ત તે યઝીદીઓ હશે કે, જેઓએ નવાસએ રસૂલ ઈમામ હુસૈન (અ.સ.) અને આપના સાથીઓ પર, બચ્ચાઓ પર દશ્તે કરબલામાં પાની બંધ કીધું અને આપને પ્યાસા શહીદ કીધા. હયવાન વાસ્તે હુકમ નથી કે, તમેં તેને પ્યાસા છોડો, પણ અફસોસ સદ અફસોસ! યહાઁ તો હક્કના ઈમામ હતા. ✯

**જિસ્મની હર તરહની સેહત વાસ્તે ગોશ્ત સાથે સબ્ઝી પણ બેહદ ઝરૂરી છે.**

## દરસે લિસાને દાઅવત

**دعاء باطل** : دعاء باطل ته دعاء چهے كه، جه دعاء سي دعاء كرنار باطل والو هوئى يعني جهوٹو هوئي، ظالم هوئي يا ته اهوي دعاء كرے كه جه لائق نه هوئي۔ اهوي شاكلة سي كه جه لائق نه هوئي، اهوا وقت ما كه جه لائق نه هوئي انے اهوي جگه ما كه جه لائق نه هوئي۔ أ دعاء الله ني بارگاه ما هرگز قبول تهاتي نتهي۔

**حرمت والا** : عرب ما مولانا ابراهيمؑ نا وقت سي يه قائدة چالتو أوو چهے كه، يه لوگ ذو القعدة، ذو الحجة انے محرم مهينه نے حج واسطے انے رجب نے عمرة واسطے مخصوص كرتا انے اهماں لڑائيو بند راكهتا جه سي مسافرو واسطے امان رهے۔ أ نا سبب أ مهيناؤ حرمت والا مهيناؤ كهواتا۔ جه موجب هر حق نا صاحب ساتهے چار حرمت والا اصحاب هوئي چهے تيم أ چار مهيناؤ چهے۔

**طلاق ني عدت** : شادي شده مرد۔بئيرو نا درميان نااتفاقي پيدا تهائي تو لواد نے قائم كرے، أ لواد بيوے نو سانبهلے انے ته بعد چاهے تو بيوے نے ملاوے يا چاهے تو جدا كرے۔ تين مهينه درميان طلاق ني عدت ختم تهاوا پچهي چاهے تو مرد۔بئيرو نوا نكاح سي جوڑائي سكے چهے۔ عدت ني مدة پوري تهائي ته پهلا بئيرو سي رجعت كري سكے چهے يعني مرد ته نا ساتهے محبت نو رشته جوڑي ازدواجي زندگي شروع كري سكے چهے معروف نا ساتهے خوش وهوار سي۔ اگر رجعت نه كيدي تو مرد، بئيرو سي تفريق كري سكے چهے، احسان انے معروف ساتهے۔ بيوے ايک بيجا نے ناحق تكليف نه أپے يا پريشان نه كرے، الله نا احكام نو احترام كرے، أ طلاق نے مذاق۔مسخري نه سمجهي لے۔ الله ني نعمت، كتاب انے حكمت ني قدر نے برابر ذهن ما لے۔

✷ **દોઆએ બાતિલ :** દોઆએ બાતિલ તે દોઆ છે કે જે દોઆ કરનાર બાતિલવાલો હોય યાઅની જૂઠો હોય, ઝાલિમ હોય યા તે એવી દોઆ કરે કે જે લાઈક ન હોય, એવી શાકેલતથી કે જે લાઈક ન હોય, એવા વક્તમાં કે જે લાઈક ન હોય અને એવી જગા માં કે જે લાઈક ન હોય. આ દોઆ અલ્લાહની બારગાહમાં હરગિઝ કુબૂલ થાતી નથી.

✷ **હુરમતવાલા :** અરબમાં મૌલાના ઈબ્રાહીમ (અ.સ.) ના વક્તથી એ કાયદો ચાલતો આવો છે કે, એ લોગો ઝુલ કાઅદહ, ઝુલ હિજ્જહ અને મોહર્રમ મહીનાને હજ્જ વાસ્તે અને રજબને ઉમ્રહ વાસ્તે મખ્સૂસ કરતા અને એમાં લડાઈઓ બંધ રાખતા (બકીયાહ પેજ નં. ૧૨ પર)

**દરખ્તોના સબબ ખુદાતઆલાની રહેમત વરસે છે.**

(પેજ નં. ૧૧ નું બાકી)

જેથી મુસાફિરો વાસ્તે અમાન રહે. આના સબબ આ મહીનાઓ હુરમતવાલા મહીનાઓ કહેવાતા. જે મુજબ હર હક્કના સાહેબ સાથે ચાર હુરમતવાલા અસ્હાબ હોય છે તેમા આ ચાર મહીનાઓ છે.

✷ **તલાકની ઇદ્દત :** શાદીશુદા મરદ-બૈરોના દરમિયાન નાઈત્તેફાકી પૈદા થાય તો લેવાદને કાઇમ કરે, આ લેવાદ બેવેનું સાંભલે અને તે બાદ ચાહે તો બેવેને મિલાવે યા ચાહે તો જુદા કરે. તીન મહીના દરમિયાન તલાકની ઈદ્દત ખતમ થાવા પછી ચાહે તો મરદ-બૈરો નવા નિકાહથી જોડાઇ શકે છે. ઈદ્દતની મુદ્દત પૂરી થાય તે પહેલા બૈરોથી રજઅત કરી શકે છે યાઅની મરદ તેના સાથે મોહબ્બતનો રિશ્તો જોડી ઈઝદેવાજી ઝિંદગી શુરૂ કરી શકે છે. માઅરૂફના સાથે ખુશ વહેવારથી. અગર રજઅત ન કીધી તો મરદ બૈરોથી તફરીક કરી શકે છે, અહેસાન અને માઅરૂફ સાથે બેવે એકબીજાને નાહક્ક તકલીફ ન આવે યા પરેશાન ન કરે, અલ્લાહના અહેકામનો એહતેરામ કરે, આ તલાકને મઝાક-મસ્ખરી ન સમઝી લે. અલ્લાહની નેઅમત, કિતાબ અને હિકમતની કદરને બરાબર ઝહેનમાં લે. ✩

**--------------------------- મુશ્કિલ અલ્ફાઝ ---------------------------**

| | | |
|---|---|---|
| બાતિલ - હક્કને ખિલાફ | રજઅત - ઈદ્દત પાછી ખેંચે | અમાન - સલામતી |
| ઝાલિમ - ઝુલ્મ કરનાર | માઅરૂફ - ભલાઇ, નૈકી | ઈદ્દત - ત્રણ મહીનાની મુદ્દત |
| લાઈક - કાબિલ, મુનાસિબ | એહસાન - કરમબખ્શી | લેવાદ - દરમિયાનગીરી કરનાર |
| કાયદો - કાનૂન | શાકેલત - તરીકો, તૌર | ઈઝદેવાજી - સાંસારિક |
| અસ્હાબ - સાહેબો | હરગિઝ - કોઇ વક્ત નહીં | તફરીક - જુદાઇ |
| નાઈત્તેફાકી - નફરત | હુરમત - ઈઝઝત | કદર - એહમીયત. ✩ |

## લફઝી કશ-મ-કશ


**✺ ઉભી તરકીબ :**

૧) નૈકીની જઝા હોય છે અને બુરાઈની _______ હોય છે. (૨)

૨) વુઝૂમાં મૂઁહને ધોવાનું ફરમાન છે અને માથાની _______ કરવાનું જ વાજિબ છે. (૩)

૩) ખલત-મલત, લઘર-વઘર, _______-સહન. (૩)

૭) ઝમીનો આસ્માનની હરએક મખ્લૂક ખુદાતઆલાની સિફતો _______ કરે છે. (૨)




**✺ આડી તરકીબ :**


૨) દાઈના _______ પર જાવું મુમેનીન વાસ્તે તે ઝમાનાના લોગોની બરકત લેવી છે. (૩)

૪) રજબુલ મુરજ્જબના _______ અય્યામના રોઝા હોય છે. (૨)

૫) આ દૌરે ઈબ્લીસીમાં _______ ના લોગો પર ખૂબ ઝુલ્મ થાય છે. (૨)

૬) બે ભાઈઓ કે જે ઈમામના દરજા પણ હતા, તેમાંથી એક ઈમામ _______ (અ.સ.) ની નસલમાં ઈમામતનો સિલસિલો કાઈમ ન થયો. (૩)

**ગયા શુમારાના લફઝી કશ-મ-કશનો ખુલાસો :-**




**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩

**જેમ ઈન્સાન નૈક અને બદ હોય છે તેમ દરખ્તની પૈદાઈશ પણ મુબારક અને ખબીસ હોય છે.**

## Shining Star



Sister **Sakina Taalib Husain Lokhandwala**, has completed CS (Company Secretaries) conducted by ICSI, New Delhi, in Dec 2017. It is a mark of pride that our students and getting such distinction due the hard work and sincere efforts.

She says, "It was a big challenge. But with the Du'aa of Aqaa Maulaa and support of family and friends, I was able able to achieve this goal with continuous hard work and determination. I want to advice students to remain focused on the target."

## તુરાબ અને ફરિયાદ

ખુદાતઆલા સૂરતુન્નબઅની આખિરમાં ફરમાવે છે કે, જે વક્ત મારા તરફથી અઝાબ આવશે તો તમામ મખ્લૂકાત ફરિયાદો શિકાયત કરશે. કયામતનો અઝાબ તો દુનિયાના અઝાબ કરતા ભારી, દર્દનાક અને હમેશાનો છે. તેની નિશાની અઝાબુલ કબરથી જોવા મિલશે. કાફિરથી જે વક્ત અઝાબે કબર કરીબ થાશે તો તેને બરદાશ્ત કરતા કરતા કહેશે કે, **" કાશ! હું માટી હોત. "**

આ ફરિયાદમાં કાફિર માટી થાવાનું કહે છે. તો જો તે માટી થઈ જાતો તો શું તે અઝાબે ઈલાહીથી છુટી જાતો. તેના કુફ્રનો બદલો ખત્મ થઈ જાતો. ના, યહાઁ માટીનો મતલબ મુમિન થાવું છે. અગર કાફિર મુમિન બની જાત તો તે અબૂ તુરાબ અલીએ આઅલાનો અબ્દ-ગુલામ બની જાત. જો આમ થાત તો કાફિર અઝાબમાં મુબ્તેલા ના થાત. યહાઁ તુરાબની માઅના ઈમનાનદાર હોવું છે, ના કે ઝાહિરી માટી છે જે હમેં જોઈએ છીએ.

એક વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી મુશ્કિલકુશા (અ.સ.) ને માટી ઉપર આરામ કરતા જોયા. આપ કરીબ થયા અને આહિસ્તાથી જગાડીને ફરમાવું કે, "યા અલી! અન્તા અબૂ તુરાબ", યાઅની કે, અય અલી, તમેં માટીવાલા છો. કેમકે આપના ચહેરા પર માટી લાગેલી હતી અને નબી સાહેબે ખૂબ પ્યારા લહેજામાં આપના ચહેરાના આસાર જોઈને આમ ફરમાવું. મૌ. અલીની આ કુનીયત નબી સાહેબને ખૂબ પસંદ હતી. ખાસ કરીને આપ જ મૌ. અલીને આ અલ્ફાઝથી પુકારતા હતા. **અબૂ તુરાબ યાઅની અબુલ મુમેનીન, મુમેનીન જે માટીની મુજબ છે તેના બાવાજી.** હર શખ્સ માટીથી નિકલેલો છે અને તેમાં જઈને મિલી જાશે. લેહાઝા, હર શખ્સને અલીએ આઅલાનો સામનો કરવાનો છે, તે ચાહે મુમિન હોય યા કાફિર. યૌમે કેયામત કાફિરો, અલીએ આઅલાના શીઆની કરામત અને ઈઝઝત જોઈને કહેશે કે, **" કાશ! હમેં પણ અલીના શીઆ હોતા. મુમેનીન હોતા, તુરાબી અને અલવી હોતા. "**

આપ નબી સાહેબ ફરમાવે છે કે, અગર કોઈ શખ્સ ચકલી જેવા નાના પરિન્દાને નાહક્ક મારશે યા ઈઝા દેશે તો યૌમે કેયામત તે ચકલી બારગાહે ઈલાહીમાં ફરિયાદ કરશે કે, અય મારા રબ! તું આજે આ નાની જાત વાસ્તે ઈન્સાફ કાઈમ કર કે મને ફલાઁ-ફલાઁ શખ્સે મારી હતી અને મને નાહક્ક કત્લ કરી દીધી હતી. ખુદાતઆલા આ તરહની ચકલી સાથે બીજા તમામ હયવાનનો ઈન્સાફ કરશે. તમામને કહેવામાં આવશે કે, **" તેઓ માટી બની જાય. "** તેઓ માટી બની જાશે અને તેઓ પર વલાયતે મૌ. અલી પૈશ કરવામાં આવશે. તેઓની નજાત થાય તે વાસ્તે મોહલત આપવામાં આવશે. આ જોઈને કાફિરો કહેશે કે, **" અફસોસ છે હમારા પર કે, હમને દુનિયામાં મૌ. અલીની વલાયત રાખવા વાસ્તે ની મોહલત મિલી, તુરાબી બનવાનો મૌકો મિલો, પણ હમેં હમારી તુગયાનીમાં, લાપરવાહીમાં તે મૌકો ગુમાવી બેસા. "**

ખુદાતઆલા જલ્લા શાનોહૂનો હમેં શુક્ર કરીએ કે, હમેં આ જહાનમાં હક્કના દાઈના મીસાકના સબબ તુરાબી બના, અલવી બના તાકે તે આખેરતના જહાનમાં હમેં જઈશું તો જન્નતી બનાવી દેવામાં આવીશું. હમારી ખાક-તુરાબ પાક હતી તેથી અલીએ આઅલાનો નફસનો ઝર્રો હમારામાં ઉતરો અને હવે જે વક્ત પાછા ખાક-તુરાબ બનીશું તો તે નફસ સાહેબે ઈમાન અલીએ આઅલાની નફસે પાકમાં દોબારહ જઈ મિલશે. ઈમાનના સબબ હમેં તુરાબી લોગો જ્યાંથી આવા હતા ત્યાં જઈને પાછા મિલી જઈશું.

"કુલ્લો શયઈ યરજેઓ એલા અસલેહી" ✩

**અમુક દરખ્તના પત્તાઓથી તાઅવીઝ થાય છે.**

## નિદાએ કબર

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, હરએક ચીઝમાં જાન છે અને ઈન્સાનના ગુઝરા બાદ ઝમીન ઉપર જે તેની કબર બને છે, તેમાં પણ જાન છે જે હરરોઝ ઝિંદા લોગો વાસ્તે જેઓ તેના આસપાસથી ગુઝરે છે તેને પુકારી પુકારીને આ પાઁચ કલેમાત કહે છેઃ "અય ઔલાદે આદમ! ૧) **હું વહેશતનું ઘર છું**, તન્હાઈની જગા છું, તો તમેં જે વક્ત મૌત પામો તો તમારા સાથે **એક દોસ્ત** લેતા આવજો. ૨) હું અંધારાનું અને **ઝુલ્મતનું ઘર** છું, તો તમેં મારી તારીકીને દૂર કરવા **એક ચિરાગ** લેતા આવજો. ૩) મારા અંદર સાપ-વીંછું અને તેના જેવા બીજા ઝહેરીલા જાનવરો છે તો તેના **ઝહેરીલા અઝાબ**થી બચવા તમેં **તિરયાક** લેતા અવજો. ૪) મારામાં **કંકર-પત્થર** યા તેના જેવી નોંકીલી ચીઝો છે તો તમને તે વાગી ના જાય તે વાસ્તે બહેતર **ફરશ** લેતા આવજો. ૫) **હું ફકરો-ફાકાનું ઘર** છું યાઅની કે મારી આગૌશમાં આવા બાદ તમેં ફકીર બની જાશો તો તમેં કોઈ **ખઝાનો** તમારા સાથે લેતા આવજો."

જે વક્ત આપને પૂછવામાં આવું કે, યા નબીયલ્લાહ! કોઈ શખ્સ ગુઝરી જાય અને કબરમાં જાય તો તે તેના સાથે આ બધી ચીઝો કઈ તરહ લઈ જાશે." આપે ફરમાવું કે, અય અસ્હાબ! તમેં જે સમઝો છો તે મુજબ આ ચીઝો નથી. આ ચીઝોને હિકમતની નઝરથી જોવી વાજિબ છે. કબર કહે છે કે, ૧) હું તન્હાઈનું ઘર છું તો તમને કોઈ અનીસ-દોસ્ત લઈને આવવાનું છે. આ "અનીસ" તે **કુરઆને કરીમની તિલાવત** છે. ૨) મારા અંધારાને દૂર કરવા તમેં એક ચિરાગ-દીવાને લાવજો. આ ચિરાગ **નિસ્ફિલ્લૈલ-તહજ્જુદની નમાઝ** છે જે કબરની તરીકીને દૂર કરશે. ૩) મારામાં ઘણા ખતરનાક જાનવરો-કીડા છે, તમેં તેના ઝહેરને ઉતારવા તિરયાક-નુસ્ખો લઈને આવજો. આ તિરયાક **સદકો** છે જે તમને જાનવરોના ડંખથી અમાન આપશે. ૪) મારા અંદર ખૂબ કાંકરા છે જે તમને બેકરાર કરશે તો તમેં ચટાઈ લઈને આવજો. આ ફરશ-ચટાઈ તે અમલે **સાલેહ-ખૈર કામોં** છે. ૫) મારામાં ફકીરી-મુહતાજગી છે તો તમેં કોઈ ખઝાનો લાવજો. આ ખઝાનો **કલેમતુશ્શહાદત** યાઅની "લા ઈલાહા ઈલ્લલ્લાહ" છે. આ કલેમો દુનિયા-આખેરતના ખઝાના કરતા આઅલા છે."

જે શખ્સ પોતાના સાથે પોતાની કબરમાં તિલાવતે કુરઆન, સલાતે તહજ્જુદ, સદકો, અમલે નૈક અને કલેમહની બરકતો લઈને આવશે તો પછી તેને કબરની વહેશત, દહેશત અને અઝાબનો શું ડર? યકીનન તેની કબર જ જન્નતના બાગોંનો એક બાગ બની જાશે. યાદ રહે કે, અમલે ખૈરનું માથું અહલુલ બૈત (અ.સ.) ની દાઅવતે ફાતેમીયહ હુસૈનીયહની મોહબ્બત, ઉલ્ફત અને મવદ્દત રાખવું છે અને તેના સાહેબ દાઈયુલ્લાહિલ અમીનની બેલૌસ, બેહદ અને બેગરઝ ખિદમત કરવું છે. જે મુમિન આ હકીકતને સમઝી લેશે તેને બેવે જહાનની **હઝાર-હઝાર હસનત અને નેઅમત** હાસિલ થઈ જાશે. ✯

---

(પેજ નં. ૭ નું બાકી)

તેમના સાથીઓ પકડાઈ જાય તો તેઓ ફિરઔની ફૌજ તરફ પલટી જાશે અને એમ જતાવશે કે, હમેં તો પહેલાથી જ ફિરઔનને સાથે હતા. આ તો હમેં મૂસાને સમઝાવવા ગયા હતા.

મગર તેઓએ જોયું કે, મૌ. મૂસા નબી અને સાથીઓ નીલ નદીને દરમિયાન ચાલી રહ્યા છે અને નદીને બીજે કિનારે જઈ રહ્યા છે તો તેઓને એહસાસ થયો કે, "**મૌ. મૂસા નબી જ હક્ક પર છે. તેઓ ખુદ ગરઝપરસ્ત છે.**" તેઓએ કોશિશ કીધી કે, તેઓના ઘોડાને જલ્દી-જલ્દી મૌ. મૂસા નબીને પાછલ ચલાવે પણ ઈલાહી હુકમ મુજબ ફરિશ્તાઓએ તેઓની સવારીઓનો રૂખ ફિરઔની ફૌજ તરફ કરી દીધો અને આખિરકાર આ ગરઝપરસ્ત લોગો ફિરઔનીઓ સાથે દરિયએ નીલમાં ગરક થઈ ગયા.

હર ઝમાનમાં આ મિસિલ થાય છે. મૌ. મૂસા નબીના મકામ પર દાઈયુઝઝમાન હોય અને ફિરઔનની ફિત્નત પર અહલે બાતિલ શર-પસંદ લોગો હોય. હક્કના સાહેબ સાથે પણ રાબેતો હોય અને ફિરઔની લોગોમાં જઈને પણ બેસતા હોય. ગરઝ અને મૌકા મુજબ પાટલી બદલતા હોય. જ્યાં દુનિયાવી ફાયદાની હવા રૂખ કરે ત્યાં પલટી જાતા હોય. પણ યાદ રહે કે, એવા લોગોની સોહબત, દૌલત અને નિય્યતમાં કોઈ બરકત, નૈકી કે ભલીવાર હોતો નથી. તેઓ લશ્કરે ફિરઔન જેમ ગુમ્રાહીના પાનીમાં ગરક થઈ જાતા હોય છે.

"ઈન્નલ્લાહા લા યોહિબ્બો કુલ્લા મુખ્તાલિન ફખૂર" ✯

**દરખ્તના નીચે ઈલ્મ અને હિકમત બરાબર હાસિલ થાય છે.**

## પાની

લશ્કરે ઝુલ્મને જબ શાહ પે રોકા પાની,
ખૂન સસતા હુવા ઔર હો ગયા મહેંગા પાની.
ફૌજે કુફ્ફાર ને આઁખોં સે બહાયા પાની,
ઐસે અંદાઝ સે બેશીર ને માંગા પાની.
મશ્ક કો તાબા કમર ડાલ કે બોલે અબ્બાસ,
બોલો કિસકા કે તુમ્હારા કે હમારા પાની.
જાન દી, શાને દિયે, નહેર સે પ્યાસે ઉઠે,
ફિર ભી અબ્બાસને રખ્ખા હે વફા કા પાની.
અય ચચાજાન પલટ આઓ, તુમ્હેં મેરી કસમ,
અબ ન માંગેગી કભી બાલી સકીના પાની.
મરતે મરતે ભી ન એક બુંદ લબોં તક પહોંચી,
યૂઁ ઉઠા દહેર સે મહેમાનોં કા દાના પાની.
પ્યાસ પર અસ્ગરે માઅસૂમ કી ચીખી બાનુ,
પાની, પાની અરે પાની કોઈ લાતા પાની.
માઁ કા અરમાઁ થા કે અકબર કો બનાતી દુલ્હા,
ગરદિશે ચર્ખ ને તકદીર પે ફેરા પાની.
ખુશ્ક હુલકૂમ પે ખંજર કો ફિરાયા ઉસને,
જિસકો શબ્બીર ને ઝિન્દાઁ મેં પિલાયા પાની.
અઝમે અકબર ને કહા તાન કે સીના ઝાહિદ,
હમ ભી તો દેખે સિનાં તુઝ મેં હે કિતના પાની.

હદીસે નબવી છે કે, "તમામ કરતા પસંદીદહ, આઅલા અને અફઝલ સદકો એ છે કે, કોઈ જિગરે તિશ્ના, તિશ્નાલબ યા પ્યાસાને પાની પિલાવીને તેને રાહત બખ્શવી છે, પ્યાસને દૂર કરવી છે." દરખ્ત વાવવું, રસ્તા બનાવવા અને કૂવા ખોદાવવા એમ ત્રણ અમલ નબી સાહેબને ખૂબ પસંદ હતા. આ ત્રણ ચીઝોના સવાબની કોઈ ઈન્તેહા જ નથી. ખુદાતઆલા તે બંદાને જઝાએ અઝીમ બખ્શે છે જે આ ત્રણ અમલને લઈ ઉઠે છે.

અબૂ અબ્દિલ્લાહ મૌલાના ઈમામ જાઅફરુસ્સાદિક (અ.સ.) ના ઝમાનમાં આ વાકેઓ ગુઝરો છે કે, આપ મદીનતુલ મુનવ્વરહમાં ઘરથી બાહર કોઈ કામ વાસ્તે પધારા. આપના સાથે અસ્હાબ પણ હતા. જે વક્ત આપ એક કૂચા માંથી ગુઝરા કે આપના કાન પર એક દર્દનાક આવાઝ આવી. આપે પૂછું તો અસ્હાબ બોલા કે, સાહેબ! આ તો એક નસરાનીની આવાઝ છે અને તે ઝમીન પર પડેલો છે

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

## તિજારત


**Unique Collection**

We at Unique collection carry out the following works.

❖ Interior works
➢ False ceiling of POP and Gypsum
➢ 3D Stretched Ceiling (Based on themes and lighting)
➢ 3D Flooring (Theme flooring)
❖ Renovation Work
➢ Civil Work
➢ Electrical Works
➢ Furniture work

3D ceiling and flooring will be best suited for office and show rooms. Please feel free to call me for any of these works or queries.
All the above works are carried out at competitive price.

**Contact :**
**Mohammed Husain Umallawala**
Umallawala Building, Badri Mohalla, Wadi, Vadodara.
**M.: +91 9998769628 / +91 9375709551**

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**
**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**
દુકાન નં. ૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.
**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઇશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**


**અંબિયા અને અઈમ્મતે હક્કનો દરખ્તો સાથે ગહેરો રિશ્તો રહેલો છે.**

## મૈઝબાની-મહેમાની

અપનું દીન અપને તરબીયત આપે છે કે, અપનું જમવું-પીવું બીજા લોગો જેમ જમે છે, પીવે છે, એવું ના હોવું જોઇએ. અપના જમવામાં અને પીવામાં પાકી, નિય્યત, ઈઝ્ઝત અને દોઆ હોવી જોઈએ. જમન અપને જિસ્માની અને નફસાની ફાયદો આપનાર હોવું જોઈએ. અપના ઘરમાં યા અપના કોઈ મમિન ભાઈના ઘરમાં પાકેલું જમન તમામ કરતા અફઝલ છે. કેમકે જો હમ-ખયાલ, હમદમ, હમ-અકીદા અને હમરાહી જે વક્ત હમ-નશીન બને અને એક માએદા પર બેસીને હમ-નીવાલા બને તો **તેની શાન જ કઈ ઔર હોય!** જે અપના ઘરોમાં અહલુલ બૈત અને આલે અત્હર (અ.સ.) ના માએદા-દસ્તરખ્વાન-સફરાની રસમ છે, તે ઘરોમાં ખુદાતઆલાની બારગાહની રહેમત અને બરકતની બારિશ છે.

સુન્નતે ઈબ્રાહીમીયહ છે કે, મુમેનીન મહેમાનની પૂરા ખુલૂસે દિલ અને નિય્યતે સાદેકહથી મહેમાનદારી કરે. આ સુન્નતની તરબીયત અપને પંજતને પાક (અ.સ.) ના આઅલા ઘરાનાથી હાસિલ થયેલી છે. મહેમાનના આવતા પહેલા ફરિશ્તાઓ ૪૦ દિન પહેલા મૈઝબાનના ઘર પર તેના આવવાની પુકાર કરે છે. મહેમાન તેના સાથે રોઝી લઈને આવે છે. **જાય છે, તે વક્ત મૈઝબાનના ગુનાહોંને બખ્શાવીને જાય છે.** હર નેઅમત, હર રિઝક અને હર દાના પર તેના સાહેબનું નામ હોય છે. કોઈ લાખ કોશિશ કરે કે, ફલાઁ મહેમાનો તેના દર પર આવે અને જમે, પણ જો એ ચીઝ ખુદાને મન્ઝૂર નથી તો તે રિઝકના દાના હરગિઝ અપને ધારેલા મહેમાનના પેટમાં નહીં ઉતરે.

કોઈના મૈઝબાન બનવું યા દાઅવત દેવી યા જમનનું ઈઝન આપવું તેમાં ત્રણ તરહની નિય્યત હોય છે: ૧) ખાલિસ નિય્યત લેવજહિલ્લાહ-બિલા કોઈ ગરઝ જમાડવું. ૨) સામેવાલાએ અપને જમવા બોલાવા હતા તેથી અપને પણ અપના અવસરમાં એમને બોલાવવા જોઈએ, તે નિય્યત. ૩) અમુકને જમવા બોલાવીશું અને ફલાઁ તેના લાગતા-વલગતાને નહીં બોલાવીએ તો ખરાબ લાગશે, તો મજબૂરન બોલાવવાની નિય્યત. આમાં પહેલી નિય્યત તમામ કરતા આઅલા છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, **"નિય્યતુલ મરએ અબ્લગો મિન અમલેહી."** યાઅની ઈન્સાનની નિય્યત તેના અમલ કરતા વધીને છે. સહી નિય્યત અને તૌર-તરીકાથી મુમેનીનને જમન જમાડવું તે પણ નબી સાહેબની સેંકડો સુન્નત માંથી એક અઝીમ સુન્નત છે. કોઈને ખુદાની નેઅમતમાં શરીક કરવા તેમાં બેહિસાબ સવાબ છે અને ગુનાહોંની મગફેરત છે. ✩

હાકિમ કા હુકમ યે હે કે પાની બશર પીએ,
ઘોડે પીએ, સવાર પીએ ઔર શુતર પીએ,
હૈવાઁ પીએ, પરિંદ પીએ, જાનવર પીએ,
જો તિશ્ના લબ જહાઁ મેં હો સબ આન કર પીએ,
કાફિર તલક પીએ તો મનાઅ તુમ ન કીજીઓ,
એક ફાતેમા કે લાલ કો પાની ન દીજીઓ.

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની CD મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✩

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/-**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.